

રમેશ ઠક્કર

## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

દરેક પીડાનું વર્ણન કરાય એવું નથી.
પ્રભુ ! તને બધું સમજાઈ જાય એવું નથી.

પવન તો બાગથી ખુશ્બૂ લઈને જઈ રહ્યો છે,
અને આ ફૂલથી પાછળ જવાય એવું નથી.

તમે આ આંસુ વગરનાં નયન લઈ ક્યાં જશો ?
બધાથી ડૂમાનો અનુવાદ થાય એવું નથી.

જુઓને, હાથમાં અજવાળું કેવું ઝળહળે છે,
કલમથી એટલે છેડો ફડાય એવું નથી.

- ગૌરાંગ ઠાકર

### પાથેય

# કવિતાનાં શબ્દાંકૂર...

જગતના તાત જેવી જ સર્જકોની પણ દુનિયા છે..ખેતરમાં જેમ ચાસ હોય છે કવિતામાં એવા જ પ્રાસ હોય છે.ખેડૂત પાસે કણ હોય છે સાહિત્યકારની પાસે ક્ષણ હોય છે..બંનેમાં તાકાત હોય છે ફેલાઈ જવાની..કણમાંથી મજેદાર કણસલું બને એમ જ એકાદ ક્ષણની અનુભૂતિ યાદગાર શબ્દ કંડિકા બની જતી હોય છે.. ખૂબ મહેનતથી ખેડાયેલું ખેતર કોઈ સિદ્ધહસ્ત લેખકની હસ્તપ્રત જેવું લાગતું હોય છે.એમાં જે રીતે બીજ રોપાય છે એમ જ સર્જકના મનમાં વિચારબીજ રોપાય છે..ખેતર ભીનું થાય છે પાણીથી..લેખક લથબથ થાય છે સંવેદનાથી.બંનેમાંથી જે કુંપળ પ્રગટે છે એ કુદરતના કરિશ્મા જેવી હોય છે..ઉગવાની જે તરકીબ ખેડૂતને હસ્તગત હૉય છે એટલી જ એક સર્જકને પણ સહજ હોય છે !

હું ખેડૂત નથી પણ મારૂં હાડ ખેડૂતનું છે..મારા વડવાઓ ખેતરો ધરાવતા..ખેડ, ખાતરને, પાણી કિસ્મતને લાવે તાણી એવું કહેવાય છે..લેખનમાં પણ ખાતરપાણી હોય છે..સર્જક જો ખેડૂત હોય તો ? સાંભળો રઘુવીર ચૌધરીને.."શબ્દ અને અર્થનો કલાત્મક સંયોગ થાય તો શાશ્વત સૌંદર્ય સંભવે.શબ્દ એ પર્ણપુષ્પ છે તો અર્થ છે મુળિયાં. વ્યંજનાનું મહત્વ સુગંધથી જરા પણ ઓછું નથી.."

કામલપુર ગામની પડખે આલિંગન દેતી બનાસ ચોતરફ ખેતરોમાં ફળદ્રુપ કાંપ પાથરી દેતી..વચ્ચે વચ્ચે ઉપસી આવતી ભાઠાની જમીનોના રમણીય કયારાઓ આજે પણ સ્મૃતિપટ ઉપર છલકાય છે..એમાં આપોઆપ ઉગતાં શાકભાજી,શકકરટેટી,કોઠિંબડાં અને અવનવી વેલોનો વૈભવ એ કોઈ શબ્દ કૃતિઓથી કમ ન હતો..કામલપુરના કંદોરે બનાસના પટમાં પાંગરતી એ લીલોતરી સહજપણે સ્ફૂરતી કાવ્ય પંકિતઓ જેવી લાગતી... બાલમુકુંદ દવે લખે છે "મૌનનું પડ ફોડીને કવિતાનો શબ્દાંકુર પ્રગટે છે.તે પૂર્વે ભોમ ભીતરમાં ચાલતી કવિતાબીજ ફણગાવવાની નિગૂઢ પ્રક્રિયા તપાસવી..એ જેટલું રસપ્રદ છે એટલું જ અટપટું છે.એ કવિતા બીજને કેવુંક ખાતર મળ્યું ? ઓતરાચીતરાના એણે કેવાક તાપ ખમ્યા ? આ બધાની બારીક મોજણી કરવા છતાંય કશુંક બાકી રહી જાય છે જે પૂરેપૂરૂં પામી શકાતું નથી..કવિનું મોટા ભાગનું ભાથું એના હાથમાં શૈશવ અને કિશોરકાળમાં સંચિત થયેલું હોય છે.પાછળથી એની કેળવણી કરીને સૌ પોતપોતાના ગજા પ્રમાણે કવિતામાં એનો લીલાવિસ્તાર કરે છે.."

મબલખ મોલ પકવતા પરિશ્રમી કિસાનનો લીલાવિસ્તાર પણ આવો જ હોય છે..ધરતીમાં રોપે છે પોતાનું સર્વસ્વ.. અને ઘૂંટાય છે એક અજબ રસાયણ..કશુંક ફૂટે છે..અચરજ જેવું..એ જે કાંઈ પામે છે કે પ્રાપ્ત કરે છે એ ફકત એનું નથી રહેતું..એ જગતના ચરણે ધરી દે છે..સર્જકનું સ્વાર્પણ પણ આવું જ હોય છે..હસી હસી ફુલ ઝરે ગુલમોર જેવું..

લ્હેરાતા મોલની પાંદડીઓ કોઈ છંદોબધ્ધ પંકિતઓથી કમ નથી હોતી ! અનાજનો કોઠાર કોઈ રસપ્રદ પુસ્તકની જરા પણ ઓછો વૈભવી નથી હોતો..! એક નાનકડો ખેડૂત પણ જગતનો તાત હોવાની ખુમારી ધરાવે છે એમ જ એક નાનકડો સર્જક એક મહાકાવ્ય લખી શકવાની શક્યતાઓ ધરાવતો હોય છે..!

# વીરતા અને ખાનદાનીની વાતોને શતાબ્દીની સલામ



ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી


"જમાદાર સાહેબ, ચાલો સાથે બેસીને જમી લઈએ." બીજી વ્યક્તિ જવાબ આપે છે. "મારે જમવું નથી" આ સંવાદ પગે ચાલીને જતાં બે મુસાફરો વચ્ચે થાય છે. સંવાદ ઝવેરચંદ મેઘાણીની 'સૌરાષ્ટ્રની રસધાર'ની એક કથાનો છે. કથાનું નામ 'વલીમામદ આરબ' છે. એક આરબ તથા એક સુખી સંપન્ન વેપારી વચ્ચેની આ વાત છે. વલીમામદની અનિચ્છા છતાં વેપારીના આગ્રહથી થોડું પેટમાં નાખે છે. શેઠનો આભાર માને છે. પગપાળા મુસાફરીનો આ જમાનો હતો. તેથી આવા પ્રવાસ સ્વાભાવિક હતા. તેમાં કોઈ એક દિશામાં જ સાથે જનાર મુસાફર યોગાનુયોગ મળી જાય તો બંને સાથે પ્રવાસ કરે છે. કેટલાક રસ્તાઓ પર ચોરી કે લૂંટફાટનો ભય હોય છે. આથી બે વ્યક્તિ સાથે હોય તો વિશેષ સલામતીનો અનુભવ થાય છે. સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લાના ખોપાળા ગામના રસ્તે જતાં આ બંને મુસાફરોનો સમાન માર્ગ છે. બંને વચ્ચે ચાલતા ચાલતા વાતનો પ્રવાહ પણ ચાલુ હતો. જમાદાર કે જેનું નામ વલીમામદ છે તે શેઠને પૂછે છે: "પ્રવાસના માર્ગે ચાલતા મુસાફર પાસે સોનાના દાગીના કે રોકડા નાણાં હોય તો કેટલીકવાર લુંટાવાનો ભય રહે છે. શેઠની પાસે એક નાનો ડબ્બો હતો જેમાં સોનાના ઘરેણાં હતા. આ કિંમતી વસ્તુ હોવા છતાં સાથી પ્રવાસી આરબ છે તેમજ હથિયારધારી પણ છે. તેથી વેપારી મનમાં સલામતી અનુભવે છે. છતાં મનમાં રહેલી એક શંકા તેમજ ભયના કારણે સાવચેતી રાખીને કહે છે કે તેની પાસે કોઈ જોખમ નથી. છતાં પણ તે શેઠને ચેતવણી આપે છે કે મૂલ્યવાન સાધન હોય તો તે સહપ્રવાસીને સાચવવા માટે આવી દેવું કે જેથી જોખમ ન રહે. હથિયારધારી જમાદાર માટે આવું જોખમ નહિવત છે કારણે કે લૂંટ કરનારા પણ તેનાથી ગભરાય છે. શેઠે ના કહી તેથી જમાદાર નિશ્ચિત થયા. લાંબા માર્ગે ચાલતા સાંજ પડે છે. સાંજે જેનો ભય હતો તેજ ઘટના બની. ગીગા નામનો એક કુખ્યાત લૂંટારો તેના સાથીઓ સાથે આ માર્ગે જ બંને મુસાફરો હતા તે દિશામાં આવ્યો. આ લૂંટારાને જોઈને શેઠના હોંશકોશ ઉડી ગયા. તેણે જમાદારને ભય સાથે દબાતા અવાજે કહ્યું કે તેની પાસે થોડા સોનાના દાગીના છે. હવે શું થશે તેની ચિંતા તેણે સાથી પ્રવાસી પાસે વ્યક્ત કરી. હથિયારધારી સાથીએ કહ્યું કે આ જોખમ જલ્દીથી મને આપી દે અને લૂંટારા તદ્દન નજીક આવે તે પહેલા નાસી જવા કહ્યું. જો શેઠ ઘરેણાંનો ડબ્બો ન આપે તો લૂંટારાઓ ઘરેણાં લૂંટી લેવા ઉપરાંત શેઠને ઈજાઓ પહોંચાડે તેવો પૂરો સંભવ હતો. સાથી મુસાફરનું આ જોખમ હથિયારધારી સહપ્રવાસી સ્વેચ્છાએ લેવા તૈયાર થાય છે. થોડે દૂરથી લૂંટારાઓની ટોળી જુએ છે કે પ્રવાસીમાંથી વેપારી જેવી એક વ્યક્તિ જમાદારને કોઈ વસ્તુ આપીને નાસી જાય છે. નજીક આવીને લૂંટારાઓની ટોળી જમાદારને પડકારે છે. પ્રથમ તેને કહે છે કે વેપારીની મિલકત માટે જમાદારે શા માટે ઝગડો વહોરવો જોઈએ? જમાદાર એકલા હોવાથી અને લૂંટફાટ કરનારાઓની ટોળી હોવાથી ધમકીના સુર પણ ઉચ્ચારે છે. કિંમતી જણસ સોંપી દેવા જણાવે છે. જમાદારની હિલચાલ પર આ ટોળીના શબ્દોની કોઈ અસર થતી નથી. જમાદાર માત્ર એક જ વાત કરે છે: "મૈને ઉસકા અનાજ ખાયા હૈ" લૂંટારાઓની ટોળી આરબ જમાદારની નજીક આવતા ડરે છે. કારણ કે તેમને ખબર છે કે આરબ જમાદારો નિશાનના એકદમ પાકા હોય છે. તેઓ કદી નિશાન ચુકતા નથી. આથી દૂરથી જ લૂંટારુ ટોળીના માણસો તીર છોડીને જમાદારને ઘાયલ કરવાનો પ્રયાસ કરે છે. જમાદાર ઘાયલ થવા છતાં વેગથી આગળ વધે છે. ભરેલી બંદૂકમાં માત્ર એક વખત ભડાકો થાય તેટલોજ દારૂગોળો છે. આથી બંદૂકથી ટોળીને ડરાવે છે. પરંતુ વાર કરતો નથી. આંકડિયા નામનું ગામ નજીક છે. આથી લૂંટારાઓની ટોળીએ થાકીને જમાદારની નજીક જઈ હુમલો કર્યો. ઘર્ષણ દરમિયાન જમાદારે ગોળી છોડી . તેનું નિશાન અચૂક હતું. ટોળીના નાયકનો સગો ભાણેજ જમાદારની બંદૂકની ગોળીનો ભોગ બન્યો. ઘર્ષણમાં આરબ જમાદાર પણ લોહિયાળ થયો. આંકડિયા ગામમાં દાખલ થતાં જ ગામના પ્રતિષ્ઠિત કવિ વીકાભાઇ ચારણે આરબને પોતાના ઘેર લઇ જઈ સારવાર કરી. એક અજાણ્યો મુસાફર છે પરંતુ ઘાયલ થયેલો છે. આથી માનવતાના ધોરણે આવું કામ કવિરાજ સ્વેચ્છાએ તથા સ્નેહથી કરે છે. લૂંટારાઓની ટોળી જમાદારનો પીછો કરતી ગામમાં આવે છે. હવે તેમનો ઈરાદો આરબ જમાદાર સામે વેરનો બદલો લેવાનો પણ છે. લૂંટારાઓની ટોળીએ આરબને સોંપી દેવા વીકાભાઇને ધમકી આપી. વીકાભાઇ ટસના મસ ન થયા.તેમણે એક જ વાતનું રટણ કર્યું કે જમાદાર ખરાબ રીતે ઘાયલ થયેલા છે. ઉપરાંત તેમના શરણે આવેલા છે. આખું ગામ વીકાભાઈના ટેકામાં હતું એટલે લૂંટારાઓની ટોળી ન છૂટકે પાછી ગઈ.તબિયતમાં થોડો સુધારો થયો એટલે જમાદારે વીકાભાઈના સહારે ખોપાળાના વેપારીને શોધી કાઢ્યો અને તેના ઘરેણાંનો ડબ્બો પાછો આપ્યો. વેપારીએ મોટી ઉદારતા દાખવતો હોય તેમ રૂપિયાના પાંચ સિક્કા આરબને ઇનામ તરીકે આપ્યા. આરબે સિક્કા માથે ચડાવી શેઠને પાછા આપ્યા. આ વ્યવહાર જોઈ વીકાભાઇ ઉકાળી ઉઠ્યા. શેઠને કહે : "કમજાત, હજારો રૂપિયાના દાગીના જીવન જોખમે બચાવનારને પાંચ રૂપિયા આપતા શરમ થતી નથી?"

વીરતા, ખાનદાની તથા ઉદારતાની આવી અનેક વાતો "સૌરાષ્ટ્રની રસધાર"ના પાંચ ભાગમાં સંગ્રહાઈને પડેલા છે. રસધારનો પહેલો ભાગ ૧૯૨૩માં બહાર પડ્યો હતો. આથી ૨૦૨૩માં આ જીવનના ઉચ્ચ મૂલ્યોને ઉજાગર કરતી આ કથાઓનું અભિવાદન કરીએ તે ઉચિત છે. સો વર્ષે પણ આ વાતોમાં ગુંથાયેલા જીવનમૂલ્યો આજે પણ તરોતાજા લાગે છે.

# 'મને કેમ વીસરે રે !'

અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા



(૧) સૌરાષ્ટ્રનો આ દરિયાકાંઠો. અહીં વસી એક નગરી. અહીં વસી એક નગરી. નગરીમાં રહે એક બ્રાહ્મણ બાળક. એને સારું ભણવાના ઓરસા જાગ્યા. એની પાસે ઋષિ સાંદિપની પ્રસિદ્ધિ આવી. એમને આશ્રમ છેક ઉજ્જયિનીમાં. એ તો પહોંચી ગયા. અને વિદ્યાભ્યાસ શરૂ કર્યો.

(૨) આ બાળકનું નામ સુદામા. અહીં તેને બે ભાઈઓ, મિત્રો થઈ ગયા. મોટો બલરામ, નાના શ્રીકૃષ્ણ, આમાંથી





શ્રીકૃષ્ણ સાથે હેતપ્રીત વધુ હતા.

(૩) અભ્યાસ પૂરો થયો. સુદામા પાછા સ્વસ્થાને આવી ગયા. શ્રીકૃષ્ણે આ સમુદ્ર કિનારે નગરી વસાવી. આર્યવર્તનું એ પ્રવેશદ્વાર હતું. એટલે દ્વારિકા નામ આપ્યું.

(૪) સુદામા વિદ્વાન બ્રાહ્મણ. ઋષિ સુદામા જ કહેવાય. ગૃહસ્થજીવન શરૂ કર્યું. પણ અયાચક વ્રત લઈ બેઠા. પત્ની અને દશ બાળકો. કેમ ચાલે ઘર સંસાર? આમ તો એનું 'શ્રીદામા' પણ નામ હતું. પરંતુ આ શ્રી સંપત્તિની ન હતી, સંસ્કારની હતી. વસ્ત્રો મેલા હોય, લોકો એને 'કુચૈલ' કહે.

(૫) એક વાર ઋષિ પત્નીએ રોકડું પરખાવી દીધું -
'આ જ્ઞાન મને ગમતું નથી. ઋષિ રાયજી !
લાવો અન્ન, લાગું પાય. ઋષિ રાયજી!'

પત્નીને સલાહ આપી 'ભગાવાન શ્રીકૃષ્ણ તો દ્વારિકાધીશ છે. એમની પાસે આંટો તો મારો. આપણું દળદર ફીટે. તમને એની ચિંતા છે ને ? કે એને માટે ભેટ શું લઈ જવી ? તમને પડોશમાંથી બે મૂઠી તાંદુલ લાવી આપું. એની પોટલી કમરમાં ખોસી દો.' પત્નીની સાચી સલાહ સ્વીકારીને ચાલે, એ સફળ પતિ.

(૬) રાજમહેલમાં બધાને લાગી નવાઈ. અરે! આ શું થયું ? મહારાજ શ્રીકૃષ્ણ દેવી ઋક્મિણીના અંત:પુરમાં હતા. આ મેલાંઘેલાં માણસને જોઈને, ઉઘાડા પગે દોડ્યા. એને વળગી પડ્યા ? અને પછી તો બંનેની આંખોમાંથી વરસે શ્રાવણ અને ભાદરવો ! શ્રી કૃષ્ણે પોતાની પાસે અડોઅડ સુદામાને બેસાડ્યા. આંગળિયોના આકડા ભીડી રાખ્યા.

(૭) સુદામાને સંકોચ થાય. આ મહાન સમ્રાટને મારી પોટલી કેમ અપાય ? ત્યાં તો શ્રીકૃષ્ણે એને કમરમાંથી પોટલી ખેંચી લીધી. એક મૂઠી તાંદુલ મોઢામાં મૂક્યા. અને બીજી જ છેલ્લી મૂઠી મોઢામાં મૂકવા જતા હતા અને ભગવતી રુક્મિણીએ હાથ પકડી રાખ્યો. અને મનમાં બોલ્યા : 'બસ! હવે ખમૈયા કરો !!'

(૮) શ્રીકૃષ્ણ અને સુદામા આશ્રમજીવનનાં સંસ્મરણો વાગોળે.

'હા જી ! તને સાંભળે રે !
મને કેમ વીસરે રે !!!!!!'

(૯) બીજે દિવસે સવારે સુદામા એ વિદાય લીધી. મનમાં વિચાર્યું - 'શ્રીકૃષ્ણે મને કશું આપ્યું નહિ. કશો વાંધો નહિ. એને એમ હશે, કે આની પાસે સંપત્તિ જશે, તો આ છકી જશે. આમ પણ, દરિદ્ર વિશેષણ તો બ્રાહ્મણને જ શોભે !'

(૧૦) ઘરે આવ્યા સુદામા. અરે ! આ શું થયું ? ભવ્ય રાજમહેલને દ્વારે ઉભેલા રૂપ રૂપના અંબાર સમા ઋષિ પત્નીએ એનું ઉમળકાભેર સ્વાગત કર્યું.

(૧૧) પછી તો ઈતિહાસે કરવટ બદલી. આ નગરીનું નામ જ થઈ ગયું - 'સુદામાપુરી.'

(૧૨) કૃષ્ણ સુદામાની જોડી ! મિત્રધર્મનું આનાથી વધુ ઉજળું ઉદાહરણ કોઈ હોય જ ન શકે.



# ગુરૂની મહિમા

બોધકથા

સુમિત્રાબેન નિરંકારી

પરમાત્માની જાણકારી ક્ષૌત્રિય બ્રહ્મનિષ્ઠ બ્રહ્મવેત્તા સદગુરૂની કૃપાથી જ સંભવ છે કે સ્વંયમ્ જે પરમાત્માને જાણતા હોય,શરીરધારી સદગુરૂની કૃપા વિના બ્રહ્માનુભૂતિ સંભવ નથી.બ્રહ્મજ્ઞાન ગુરૂ વિના પ્રાપ્ત થતું નથી.અવતારી મહાપુરૂષોએ પણ ગુરૂ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવાની મર્યાદાનું પાલન કર્યું છે. સદગુરૂના માધ્યમથી પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ જ ભક્તિની શરૂઆત થાય છે.

એક પંડીત દરરોજ રાણીવાસમાં કથા કરતા હતા અને કથાના અંતે તમામને કહેતા હતા કે રામ નામ લેવાથી બંધન તૂટે છે.તે સમયે પિંજરામાં બંધ પોપટ બોલતો હતો કે હે પંડીત આવું જુઠું ના બોલો ! આ સાંભળીને પંડીતને ક્રોધ આવતો હતો કે આ બધા શું વિચારશે? રાણી શું વિચારશે? આ સમસ્યા લઇને પંડીત પોતાના ગુરૂ પાસે જાય છે અને તમામ હકીકત કહે છે.ગુરૂ રાણીવાસમાં આવીને પોપટને પુછે છે કે તૂં આમ કેમ બોલે છે?

પોપટ કહે છે કે હું પહેલાં ખુલ્લા આકાશમાં ઉડતો હતો.એકવાર હું એક આશ્રમમાં જ્યાં તમામ સાધુ સંતો રામનામની ધૂન બોલતા હતા તો મેં પણ રામનામ બોલવાનું શરૂ કર્યું.એક દિવસ એક સંતે મને પકડીને પિંજરામાં પુરી દીધો અને મને કેટલાક શ્ર્લોક પણ શિખવાડ્યા.આશ્રમમાં એકવાર એક શેઠ આવે છે અને સંતને કેટલાક પૈસા આપીને ખરીદી ચાંદીના પિંજરામાં મને પુરી દે છે.મારૂં બંધન વધતું ગયું,બહાર નીકળવાની કોઇ સંભાવના ન હતી.એક દિવસ રાજા પાસે કોઇ કામ કઢાવવા મને રાજાને ભેટમાં આપી દે છે.રાજા-રાણી ઘણા જ ખુશ હતા કારણ કે હું હંમેશાં રામ-રામનું ઉચ્ચારણ કરતો હતો.રાણી ધાર્મિક વૃત્તિના હતા એટલે રાજાએ મને રાણીવાસમાં આપી દીધો.હવે હું કેવી રીતે માનું કે રામનામથી બંધન તૂટે?

પોપટ કહે છે કે ગુરૂજી આપ જ મને કોઇ યુક્તિ બતાવે કે જેનાથી મારૂં બંધન તૂટે,ત્યારે ગુરૂજી કહે છે કે આજે તૂં ચૂપચાપ સૂઇ જા,સહેજપણ હલવાનું પણ નહી એટલે રાણી સમજશે કે પોપટ મરી ગયો છે એટલે તને પીંજરામાંથી છોડી મુકશે.ગુરૂજીના આદેશ અનુસાર બીજા દિવસે કથા પુરી થયા પછી પોપટે બોલવાનું બંધ કરી દીધું,ડોક મરડાઇ ગઇ છે એટલે રાણી સમજી કે પોપટ મરી ગયો છે એટલે રાણીએ પિંજરૂં ખોલ્યું એવો જ પોપટ પિંજરામાંથી નીકળીને આકાશમાં ઉડતાં ઉડતાં બોલ્યો કે સદગુરૂ મળે તો જ બંધન છુટે..સાર એટલો જ સમજવાનો કે તમામ શાસ્ત્રો વાંચી લો,ગમે તેટલા જપ-તપ કરી લો પરંતુ સાચા શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્વવેત્તા સદગુરૂ ના મળે ત્યાં સુધી સંસારની મોહમાયાના બંધનમાંથી છુટકારો થતો નથી.

# ઘણા લોકોના નસીબ એવા હોય છે કે....

રંગ અને વ્યંગ

અનંત પટેલ



આપણામાંથી ઘણા લોક્ના નસીબ એવા હોય છે કે...

- ઘરેથી બસના ટાઈમ કરતાં વહેલા નીકળે તો બસ મોડી આવે ને ટાઈમસર નીકળે તો બસ એક મિનિટ વહેલા ઉપડી જાય,

- બૂફે જમણમાં એમનો નંબર આવે એ જ સમયે એકાદી આઈટમ ખૂટે જેથી એ આવે ત્યાં સુધી એમને વધારે ઉભા રહેવું પડે,

- શુકન જોવામાં માનતા ના હોય તો પણ બિલાડી સામે આવી જ મળે... -

- લાઈટબિલ ભરવા એક કલાકથી લાઈનમાં ઉભા હોય ને એમનો નંબર આવે તે વખતે જ પાવર જાય..... કે કોમ્પ્યુટર હેન્ગ થઈ જાય...

- બેંકમાં એ સૌથી પહેલા આવીને ઉભા રહે તો ટેબલવાળા ભાઈ કે બહેન મોડા પડે અથવા એમનું કોમ્પ્યુટર ત્યારે જ હેન્ગ થઈ જાય...

- મહા પરાણે કોઈ છોકરી પસંદ કરે તો બંનેમાંથી કોઈની કુંડળીમાં મંગળ નીકળી પડે..

- બીજા ભ્રષ્ટ લોકોને જોઈ એ ભ્રષ્ટ થવા જાય તો પહેલી જ વારમાં પકડાઈ જાય..

- બહાર સૌ એમને પૂછે, એમનાં માન પાન હોય પણ ઘરમાં એમને કોઈ ન પૂછે, એ જેવા ઘરે આવે કે ઘરનાં બધાં એકદમ ચૂપ થઈ જાય.....બધાં પર એમની ધાક ના હોય પણ કોઈ એમને કશું જણાવવા જ માગતું ના હોય...

- બાવાના બે ય બગડતા હોય છે...

- બાર સાંધે ત્યાં તેર તૂટતા હોય છે..

- ધંધા માટે અન્ય ક્યાંય એમના તમામ પ્રકારના પ્રયત્નો સદા નિષ્ફળ જ નીવડ્યા હોય છે જેથી એ કશું નવું કરવાની હિંમત કરી શકતા નથી...

- એ પત્નીને ગમે તેટલી વિશ્વાસમાં લેવા ચાહે તો ય પત્ની એમને શંકાથી જ જૂએ છે...

- બીજા બધા લોકોને રૂપાળી પત્ની મળે છે પણ એમને તો સામે મળે તો જોવાનું ય મન ના થાય તેવી જ મળી છે...( સ્ત્રી પાત્ર માટે આનાથી ઉલ્ટુ બનતું હોય છે.)

- બધા એમને સંતોષી નર સદા સુખી એ સૂત્ર અપનાવી લેવા જણાવે છે...

- એ લોકો અમારા જમાનામાં આમ હતુ તેમ હતું એમ કહીને વાત શરૂ કરે તો સૌ ત્યાંથી ખસી જવાના પ્રયત્ન કરે છે.....

- જીવનની દરેક કસોટીઓમાં એ નાપાસ જ થતા હોય છે...અને જો કદાચ એ સફળ નીવડે તો પણ એનાથી એમને ખાસ કંઈ ફાયદો થતો નથી...

- ઓફિસમાં બોસ એવા મળે છે કે એમનાથી સાવ નાની ક્ષતિ થઈ હોય તો ય બધાની વચ્ચે ખખડાવી નાખે ને જ્યારે ખરેખરે મોટી ભૂલ થઈ હોય ત્યારે બોસ એની નોંધ પણ ના લે.... અને પ્રશંસા તો એમને મળે જ ક્યાંથી ?

- પત્ની માટે એ સારામાં સારી સાડી કે ડ્રેસ પસંદ કરીને લાવે તો એ પત્ની ન ગમાડે ને 'તમને કશું લાવતાં આવડે નહિ ને આવું શું કામ ઉઠાવી લાવો છો' એવું સંભળાવે તે વધારામાં...

- ક્યારેક એકલા હોય ને રસોડામાં ગેસ પર દૂધ ગરમ કરવા મૂકીને ઉભા રહે ત્યારે કંટાળો આવતાં ત્યાંથી સહેજ ખસે કે તરત દૂધ ઉભરાઈ જ જાય...!!!!

- એ ઘરેથી દૂધના નજીકના પાર્લરે ચાલતા નીકળી જાય તો એ દુકાન કાં તો બંધ હોય અથવા એમને જે લેવાનું હોય એ ખલાસ હોય...ને બીજી દુકાન ઘણી દૂર હોય...

- એમના મનમાં એ જે કંઈ ધારે એમાં લગભગ કશીક અડચણ આવે જ ...

- આમ છતાં એમના જીવનમાં ક્યારેક અણધારી રીતે કશીક સુખદ ઘટનાઓ પણ બનતી હોય છે ખરી હોં, ને એજ એમના માટે એક મીઠુ આશ્વાસન બની રહે છે.....

મો-૯૮૯૮૪૦૯૦૫૩
- anantpatel135@yahoo.com